ભજન ઉપદેશ.

રચનાર.

વ્યાસ ભોળાનાથ માહાસુખરામ.

છપાવી પ્રસિધ્ધ કરનાર.

શા. મલાખીદાસ નારણદાસ તથા

છોટાલાલ કશનદાસ.

અમદાવાદ.

"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭

કીંમત ૦-૨-૦

॥ શ્રી રણછોડરાય પ્રસન્નોસ્તુ ॥

શ્રી રામાર્પણમસ્તુ.

વ્યાસજી ભોળાનાથનાં રચેલાં પદ.

ભકતીરસનાં છે.

પદ ૧ લું.

આ બોધ મે મારા મંનને કરેલો છે.

(માજન માજન મળજોરે ગળતાનો મેળો એ રાગ.)

ભજી લ્યો ભજી લ્યો ભજી લ્યો રે રઘુવરને ભાઇ.
તો નીશ્ચે નહી આવો રે ચોરાસી માંહી. ૧
લાભ નથી કાંઇ બીજો રે હરી નાંમ વીનાનો.
દુરમતીયાં સમજાવેરે તે મુરખ માંનો. ૨
હરી ભજતાં મુખમાંથી રે સંકટ જો આવે,
તો આયુદ્ધ હરી લેઇને રે તુજને મુકાવે. ૩
દરીદ્ર પડે તુજ માંથે રે પ્રભુ ખબર લે તારી,
પરમપ્રીયા પોતાનાં રે મોકલે ઘેર ન્યારી.

નાંમનો મહીમા મોહોટો રે સંતે સત્ય કરીયો,
મા હત્યારો વાલમીક રે તે નાંમે તરીયો. ૫
વેસ્યા પણ વઠમાને રે ક્ષણમાં ચડી આપે,
દારૂણ દુકૃત તેહનાં રે તરી સુકને પ્રતાપે. ૬
અજામેળ માહા પાપી રે દુરમતીનો ભરીયો,
નાંમ લેતામાં સુતનું રે ભવસાગર તરીયો.
એહેવા અધરમી ઓધારયા રે શ્રી અંતરજાંમી,
વ્યાસ ભોળા તું ભજીલેરે નઠરે કસી ખાંમી. ૮

પદ ૨ જું.

(હે હરી નાંમકો નાવ રે વાકુસંત ચલાવે એ રાગ.)

હાંરે જેણે ભજીયા તે શ્રી ભગવાંન બડભાગી તે કાહાવ્યો,
હાંરે તેતો પાંમ્યો જગતમાં માંન ફરી ગરભવાસ ના આવ્યો. ૧
હાંરે બલીહારી એની માત એણે સાં સુક્રીત કીધાં,
હાંરે જનમ્યો એ પુત્ર વીક્ષાત કુટંબનાં કારજ સીધાં. ૨
હાંરે જેના કુળમાં પ્રગટયો ભક્ત દુરમતીયાંને ઓધારે,
હાંરે એહેને ચરણે નમે સહુ જક્ત કુલ ઇકોતેર તારે. ૩
હાંરે વળી અલ્પમતી જે કેહેવાય મુરખ કાંઇ જાંણે નાહી,
હાંરે કેશે હરીને ભજે શું થાય બકે છે જગતની માંહી. ૪
હાંરે એને જનમતાં એહેની માયે સીદને ના નાંખ્યો મારી,
હાંરે એહેનું પોસણ કરેથી સું થાય એથી તો વાંઝણી સારી.૫
હાંરે માટે વ્યાસ ભોળા તું ચેત સીદ કેહેછે માહારૂ માહારૂ,
હાંરે આ છે મીથ્યા જગતનું હેત હરી વીના કોઇ નથી તાહારૂ.૬

પદ ૩ જું.

થાળ લખી છે.

(માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે એ રાગ.)

આવો આવોને રઘુવરજી જમવાકારણે,
છો શરણાંગત વત્છળ અધમ ઓધારણ રાંમ;
સુખના સાગર છે પ્રભુ દીનબંધુ સીતાપતી,
આનંદકારી મંગળભક્તના પુરણ કાંમ,
આવો આવોને રઘુવરજી જમવાકારણે. ૧
મારે આજ અનોપમનો દીવસ હરી છે વળી,
મારા ભાગ્ય તણો હવે ન રહ્યો કાંઇયે પાર;
કોટી કોટી જનમનાં સુક્રીત તે ઉદે થયાં,
મુજ ઘેર પધારયા પુરણ દસરથરાજ કુમાર. આવો. ૨
સું પીરસું હું તમને સાંમગ્રી મે બહુ કરી,
પાર ન આવે નવ થાય શેષ થકી વીસ્તાર;
પરથમ પીરસ્યો છે માંય કરમાબાઇનો ખીચડો,
ઇછા હોય તો માગી લેજો વારંમવાર. આવો. ૩
વળી માંય બીજો પાક બનાવ્યો મે પ્રીતે કરી,
તેનું મુખથી વરણવ તે નવ થાય જુગદીસ;
માગી લાવ્યો હુંતો તાંદુલ સુદામા તણા,
હળવા હળવા જમજો રખે લાવતા રીસ. આવો. ૪
હુંતો ભાવના ભુખ્યા જોઇને અતી હરખ્યો ઘણું;
ધંન પુરસોતમ વાલા દશરથ રાજકીસોર;

જમતાં જમતાં મારા સમ છે સરમાશો નહીં,
હરી મેં પીરસ્યાં છે માંય સબરી કેરાં બોર. આવો. ૫
સાક સાંમગ્રીનાં પ્રભુ વખાંણ તે હું સાં કરૂં,
ભાજી વીદુર ઘરની લાવ્યો છું ધરી હેત;
વારી શ્રુતદેવનું તમે પાંન કરો પ્રીતે કરી,
હું અપરાધી વીના આવું કોણ તમને દેત,
આવો આવો ને રઘુવરજી જમવાકારણે. ૬
વળતી મુખવાસ લેઇને દાસને કરૂણા કીજીયે,
વ્યાસ ભોળાને છે એક પ્રસાદકેરી આસ;
માગુ અખંડ અવીચળ પુરણ ભક્તી પ્રભુ હું તમ તણી;
જનુની જઠરે નાવું રાખો ચરણની પાસ, આવો. ૬

પદ ૪ થું.

રાગ ગોડી.

રાંમ નાંમ મુખ ગાવે જે જન રામ નાંમ મુખ ગાવે,
ધન ધન તેહેનાં માત પીતાને બડભાગી તે કાહાવે. ટેક.
આ કળીમાં બીજાં સાધન કરે પણ રાંમ નાંમ સમ ના
આવે. જે જન. ૨.
ભાવ ધરી સીતારાંમ કહે તેનો ચોરાસી ફેરો મટી
જાવે. જે જન. ૩
વ્યાસ ભોળો કે જેણે હરીને ભજીયા તે જનુની જઠરે
ના આવે. જે જન. ૪

પદ ૫ મું.

રાગ ઉપર પ્રમાણે.

રાંમ રાંમ નવ ગાયા જે મુખ રાંમ રાંમ નવ ગાયા.
વાટ ઉઠી તેની વરણાગીમાં જનુનીયે તે સીદ જાયા. જે. ૧
શું થયું જપ તપ વ્રતદાન દીધે ઓળખ્યા નહી રઘુરાયા.૨
સાચુ રાંમનું નામ મુકીને માની સંસારની માયા. જે. ૩
વ્યાસ ભોળા હરી નાંમ ન જાંણ્યું તે લક્ષચોરાસી અથડાયા
જે મુખ રાંમ રાંમ નવ ગાયા. ૪

પદ ૬ ઠું.

(નહી આવું હો નંદના લાલા રે મહીડાં મારાં રે. એ રાગ.)

તું તો ભજીલેને સીતાના સ્યાંમ રે બાહાર જોને કેવી રે. ટેક.
અરયા મુરખ મુઢ ગમાર રે વીચાર કર આહાવારે,
મોહોટા અજગર ફરે છે વંન તેહેને કોણ આપે ખાવારે. ૨
વળી વીચારીને સત્ય માંનજે સંતની વાંણી રે,
જોને પરવત ઉપર ઝાડને કોણ પાય પાંણી રે. ૩
એહેવા દયાળુ દીનોનાથ તુને સરમ આવે ગાતાં રે,
જણ્યો જનુનીયે તને જયારે કયારે આવડતું ખાતાં રે. ૪
મોહેર કરી હરીયે તુજ ઉપર કષ્ટ તાહારૂ કાપ્યું રે,
માનો પંચમા ભુતનો દેહ દુધ કયાંથી આપ્યું રે. ૫
એહેવું રક્ષણ કરે છે રાંમ તેને ભુલ્યો અભાગી રે,
વ્યાસ ભોળા વસે સી તારી જોને જાગી રે. ૬

પદ ૭ મું.

રાગ ઉપર પ્રમાણે.

પુત્ર મરે તો સોક ન કરવો તે વીશે.

અલ્યા મુરખ પાપી જંન કેમ માયામાં મોહ્યો રે,
આ મીથ્યા દેખી સંસાર નેણાં ભરી રોયો રે. ૧
તારા જીવતરને ધીકાર રે જુઠાને બાઝો રે,
સુવા તેનું ના દેખે ફરી મુખ તોયે ના લાજયો રે. ૨
નથી એકને માંથે દુખ રે સું પડે કેહેવું રે,
આખા વીશ્વમાં જાંણજે એમ આવે તે સેહેવું રે. ૩
નથી પુત્રપરીવારમાં સુખ રે જુઠી છે બાજી રે,
માટે એહેમાં ના રાખેસ મંન રાંમ કર રાજી રે. ૪
જોને સગર જેહેવો ભુપતી વીચાર જેનો ઉંડો રે,
સુવા કુંવર સાઠહજાર તે દુખમાં બુડયો રે. ૫
વળી દશરથ જેવા રાયજીને બ્રંમ શ્રાપ નડીયો રે,
મરણ વેળાએ કોઇ નહી પાસ વીયોગ પડીયો રે. ૬
વળી ચીત્રકેતુ નાંમે રાય તેની વીખ્યાત મોહોટી રે,
ઘેર ગુણવંતી છે ઘણી નાર સંખ્યા એક કોટી રે. ૭
આવ્યો હરખ શોકનો પુત્ર રે પ્રસન બહુ થયો રે,
થોડા દીનમાં દેખાડી સુખ દેહ છુટી ગયો રે. ૮
જોને નંદજસોદા રાંણીને વાહાલા પરીબ્રંમ રે,
ગયા મુકી મથુરાં માંહ્ય થયું હસે કયમ રે. ૯
વળી દેવકીના ખટબાળને કંસે પછાડયા રે,

કેવા સાક્ષતા હુસે વસુદેવને અવળાને આડા રે. ૧૦
અભીમન જેવો રાજકુમારરે વ્યક્રગડ ઝીત્યો રે,
મુવો તે સમે માતપીતાને સો ઓરીયો વીત્યો રે. ૧૧
ભાઇ શ્રવણ સરખાં નરનાર તે આંખે ના દેખે રે,
તેના કુંવરને દશરથે માર્યો તારૂં દુખ શા લેખે રે. ૧૨
એહેવા ઘણાને પડયા છે વીજોગ રે એ કરમની ગતી રે,
વ્યાસ ભોળા વીચારી મંન ભજ સીતાપતી રે. ૧૩

પદ ૮ મું.

(સખી આવેલો કારતક માસ કે કંથ સધાવીયા એ રાગ.)

મારૂ તન મન ધન હો રાંમ હું તમને ભુલીયો,
મારા જીવ્યાને ધીક્કાર દેવાળામાં ડુલીયો. ૧
બાપ વીશયમાં બની ગયો અંધ પચ્યો છું વેહેવારમાં,
નથી સુજતો એકે ઉપાય મુવો હું વીચારમાં. ૨
મુને જક્ત કહે છે ભક્ત બાંનું જોઇ તાહરૂં,
એહેવું મુજને ઘણું શું માન કોણ ગજુ માહરૂં. ૩
હું તોફાની પાખંડી અધરમી ત્રશ્નાનો મારીયો,
જુઠે બાંને પુજાવું ઘેર ઘેર એ ધંધો મેં ધારીયો. ૪
બાપ હવે ગતી શી થાય રહ્યો શા સુખમાં,
નથી ક્ષણ એકનો વીસવાસ છું કાળના મુખમાં. ૫
હવે હદ થઇ દીનાનાથજી કરૂણા કીજીયે,
વ્યાસ ભોળાનો પકડી હાથ ચરણમાં લીજીયે. ૬

પદ ૯ મું.

(ઓધવ નંદનો છોરો તે નમેરો થયો જો એ રાગ.)

કેમ નથી જાતો હરીના ભજનમાં જો,
તેં તો શું ધારયું છે મુરખ તારા મનમાં જો. કેમ. ૧
બહુ બોલે છે અદ્દયા વાંણી મન ભાવતી જો,
વાત પ્રભુની તો રહે નથી આવતી જો. કેમ. ૨
પૈસો થયો એટલે લાજમાં લેવાઇ ગયો જો,
સુવો મોટઅમાં એકેમાં તું ના રહ્યો જો. કેમ. ૩
લાજ મેળવી દેવું લેણું કરી ઘણું જો,
રણ ના છુટયું તારૂં લક્ષચોરાસીતણું જો. કેમ. ૪
તેનું વ્યાજ આલવાનું મળતું નથી જો,
વેહેવાર વાતમાં તો રાત દીન મુવો મથી જો. કેમ. ૫
માટે પતવો વ્યાજ સુદ્ધાં દેવું બાપનું જો,
વ્યાસ ભોળા ખત લખ્યું છે ખરી છાપનું જો. કેમ. ૬

પદ ૧૦ મું.

(શું રે સુતો તું પ્રાંણીયા તુને ભે કેમ નાવે. એ રાગ.)

હરીને તું ભજી લે જીવડા તારી શી ગત થાશે,
માર માંથે સંસારનો ઢહાડા કેમ પેરે જાશે. ૧
જમદુતો આવી જયારે ઘેરશે ત્યારે પસ્તાસો પ્રાણી,
પરીવાર સરવે પરો રેશે એહવી વેળા જાંણી. ૨
દ્રવ્ય તો સાથ આવે નહી ઝખમારતાં જાસો,
બહુ લોકને બીવરાવતા માર શી પેરે ખાશો. ૩
જીભને તો રૂડું ખવરાવીયું એમ ધરમજ કેસે,

તે જીભ્યાયે હરી ના ભજ્યા તુને ડામજ દેસે. ૪
તેત્રીશકોટી જેહેના હુકમમાં એહેવા પરીબ્રમ પોતે,
જ્ઞાંની ધ્યાંની મોહોટા જોગીને નાવે સ્વપ્નામાં જોતે. ૫
એહેવા પ્રભુ એક ભજનથી આવી ખોળામાં બેસે,
ભજન મુકીને ભોળા તું રખે બીજામાં પેસે. ૬

પદ ૧૧ મું.

(તજો તન કેફ કરમ કરવું. એ રાગ)

કીધું રે આજ રાજનગર કાશી વશ્યા હરીજન મન અવીનાસી. કીધું.
ધોળીદાસે ધરમધ્વજા બાંધી સગાઇ જેણે પ્રભુ સાથે સાંધી ભક્તોની તો રસોઇ ત્યાં રાંધી. કીધું. ૧
ભજનનું તો ભોજન તે આપે તેથી પાપ તાપ સરવ કાપે નહી પછી કામ ક્રોધ વ્યાપે. કીધું. ૨
જેને અંગ રંગ જેવો લાગે તેતો મોહ નીદ્રાથકી જાગે ખરેખાંત ખટરીપુ ભાગે. કીધું. ૩
કંઠે માળા ભાલ તીલક ધરસે મુખે હરી હરી તે ઉચરસે તે તો ભવસાગર તરસે. કીધું. ૪
કદી લેશ કલેશ નહી લાવે મુખે એક ગોવીંદને ગાવે તે તો ગર્ભવાસ નહી આવે. કીધું. ૫
તારી જેણે ગુજરાતને બધી નાંમતણું સસ્ત્રને સાધી મટી ગઇ ત્રીવેધીની વ્યાધી. કીધું. ૬
મંડળીઓનું મંડળ તે મચીઊં વાજીંત્રની સાથે તે

રચીઊં ભજન પછી પેટ વીશે પચીઊં. કીધું. ૭
ઘેરોઘેર પોળે ભજન બેઠું રામનામ મુખ વીશે પેઠું
પ્રભાશંકર મને લાગ્યું મીઠું. કીધું. ૮

પદ ૧૨ મું.

રાંમરાજીયો.

(જક્તાને મરણુની બીક છે. એ રાગ.)

અહ્યા મુરખારે જક્તમાં જનમી તેં શું કરયું,
અહ્યા મુરખા રે હરીજન જોઇ હુઇડું ના ઠરયું. ૧
અહ્યા મુરખા રે ગર્ભમાંનો કોલ ભુલી ગયો,
અહ્યા મુરખા રે દુરીજનના સંગમાં રહ્યો. ૨
અહ્યા મુરખા રે દેવાળુ તેં કાડયું ઘણું,
અહ્યા મુરખા રે ના છુટયું રણ ચોરાસી તણું. ૩
અહ્યા મુરખા રે વેહેવારની વાતોમાં ગાજીયો,
અહ્યા મુરખા રે હરી નાંમ લેતાં તું લાજીયો. ૪
અહ્યા મુરખા રે ખાતું ના લખ્યું હરી નાંમનું,
અહ્યા મુરખા રે પાપ ધોયું આખા ગાંમનું. ૫
અહ્યા મુરખા રે કરમ કરયાં મન ભાવીયાં,
અહ્યા મુરખા રે જુઠાં આળ ભક્તને ચડાવીયાં. ૬
અહ્યા મુરખા રે ના બેઠો હરીજનની ગોદમાં,
અહ્યા મુરખા રે બેઠો ભવાઇની મોદમાં. ૭
અહ્યા મુરખા રે સંતવચન ના રહેવાયું ખમી,
અહ્યા મુરખા રે ઘરવાળીની ગાળો ગમી.

અહ્યા મુરખા રે ન માન્યું સંતે કહ્યું ઘણું,
અહ્યા મુરખા રે પાંણી ખોયું પરીયાતણું. ૯
અહ્યા મુરખા રે હજી સમજણ તો નથી પડી,
અહ્યા મુરખા રે કાળની તો ફોજો માંથે ચડી. ૧૦
અહ્યા મુરખા રે જમડા આવીને લેઇ જશે,
અહ્યા મુરખા રે ત્યાં ગતી સી તમારી થશે. ૧૧
અહ્યા મુરખા રે વ્યાસ ભોળા ચીત રાખ રાંમમાં,
અહ્યા મુરખા રે એ વીના બીજું નહીં આવે કામમાં.૧૨

પદ ૧૩ મું.

(હાંસી વેહેવાઇ મારા ખાંતી વેહેવાઇ. એ રાગ.)

આજ સાહેલી મેં તો હરીરસ પીધો,
અપુર્વ લાહાવો લીધો રે. મેં તો હરીરસ પીધો. ૧
આટલા દીન મેં તો આહાવું ના જાંણ્યું,
સંસારનું સુખ માંણ્યું રે. મેં તો હરીરસ પીધો. ૨
હરીજન પાપી ઘરમાં મળ્યાંતાં અભાગી,
તેહેની સંગતમાં મારી સુરતા ના લાગી. મેં તો હરી. ૩
એહેમાંથી છુટી જ્યારે સતસંગ લાગ્યો,
નાંમનો ઘાવ મારા રદયામાં વાગ્યો. મેં તો હરી. ૪
હવે હો બેહેની હું તો કોઇને ના માંનું,
નાંખ્યો મેં છેડા માંથે નહીં રાખ્યું છાંનું. મેં તો હરી. ૫
વીઠલવર વરીયો બેહેની મુખડાનો માગ્યો,
અવીચળ ચુડો પેહેર્યો ભય મારો ભાગ્યો. મેં તો હરી. ૬

સુણ સખી એ વર મારી રહદે સમાયો,
વ્યાસ ભોળાયે રસ ગાયો રે. મેં તો હરીરસ પીધો. ૭

પદ ૧૪ મું.

(અગર ચંદનના ઓરડા સુકટ રસીયાં કમાડ રે. એ રાગ.)

આરે સંસારમાં જનમીને પ્રાંણી શાં સુખ લીધાં રે,
માયાના મદમાં મરી ગયો કસાં કાંમ ના સીદ્ધાં રે. ૧
માહારૂ માહારૂ કરીને મુવો મુરખ સમજણ ના આવી રે,
ઘર ઘરૂણી પ્રજા દેખીને તુને લાજ ના આવી રે. ૨
હરી નાંમ લેતાં તું લાજીયો દેખી માયાની જાળ રે,
અંતે એ કોઇ કોઇનું નથી સાચા દીનદયાળ રે. ૩
મુનસાદે દુરલભ દેવને માહા મણીથી મુંઘો રે,
ભટકેશ ચારે ખાંણમાં ચેત્ય ચેત્ય શું ઉંઘ્યો રે. ૪
ત્યાં સુખ તુજને નાહી પડે દુખ દરીયાના જેહેવું રે,
માટે રીઝાવી લે રાંમને મટે ગર્ભમાં રહેવું રે. ૫
અશરણ ઓધારણ નાથજી અભયપદ તુંને આપે રે,
કરમ ના જુવે જીવનું પોતાનો કરી થાપે રે. ૬
વ્યાસ ભોળા તુજને કહું નીત્ય હરીગુણ ગાજે રે,
ઘર ધંધો મુંકી ઘડી ઘડી રસ રાંમનો પાજે રે. ૭

પદ ૧૫ મું.

(લાખેણી લાડી લેઇ ગયો રે. એ રાગ.)

રાંમ રાંમ રાંમ રાંમ કહોને મુનસાદે ફરી નહી મળે રે,
તજીયોને સંસારના લોભને મુનસાદે ફરી નહી મળે રે. ૧

માયાનો છે મીથ્યા ઠાઠ ઠાલો મુનસાદે ફરી નહી મળેરે,
જાંણી જોઇને ધુળ શાંને ઘાલો મુનસાદે ફરી નહી મળેરે.૨
આ અવશર જો ભુલ્યા તમે ભાઇ મુનસાદે ફરી નહી મળેરે,
પડશો જઇને ચોરાસીમાંઇ મુનસાદે ફરી નહી મળે. ૩
તેમાં હરીભજ નહી થાય મુનસાદે ફરી નહી મળે રે,
એ જનમ પણ એળે મીથ્યા જાય મુનસાદે ફરી નહી.૪
માટે લયોને નાંમનું સુખ મુનસાદે ફરી નહી મળે રે,
મટી જાય જનમનું દુખ મુનસાદે ફરી નહી મળે રે. ૫
આ સીખાંમણુ માંને નર નાર મુનસાદે ફરી નહી મળેરે,
પ્રભુ તેહેને ઉતારે ભવપાર મુનસાદે ફરી નહી મળે. ૬
કેહે છે વ્યાસ ભોળો લાગી પાય મુનસાદે ફરી નહી મળેરે,
સાચા સગા સેવો રઘુરાય મુનસાદે ફરી નહી મળેરે. ૭

પદ ૧૬ મું.

[ભમરા પેહેલો વધાવો મારે આવીયો. એ રાગ.]

એની ગઇતી હું દસરથના દરબારમાં,
રાયના આંગણે દીઠા રઘુવીર રે આનંદરસ ઉલટયો,
માહારૂ મનડુ એ રૂપમાં રમી રહ્યું ચીત ચોરયું એ સ્યાંમ
સરીર. આનંદરસ. ૧
સખી શું વખાંણું હું એહેના રૂપને કોટીભાંનુ ભુલે
જોઇ ભાંન. આનંદરસ૦
ઇંદુ અભીમાંન મુકી કોરે રહે કાંમદેવ મુકે જોઇ માંન આ. ૨
ધંન કૌશલ્યા અખંડ સોહાગણી જેણે જાયો એ પુત્ર
રતંન. આનંદરસ૦

કોટીજનમનાં સુકીત ઉદે થયાં દેવ દશરથને કહે છે ધન
ધન. આનંદરસ૦ ૩
મોહોટા જોગી જુવે જેને ધ્યાંનમાં સંકર સમરણ કરે જેનું
નીત્ય. આનંદરસ૦
એહવા અખંડ અયોધ્યામાં પ્રગટીયા મારી એ સાથે લાગી
છે પ્રીત. આનંદરસ૦ ૪
મુને ઘરનો તે ધંધો ગમે નહીં નથી ગમતો આ જગત
વેહેવાર. આનંદરસ૦
રાજા રખે જો મુજને દાસી કરી મારા ભાગ્યનો ના
રહે પાર. આનંદરસ૦ ૫
એહેવું કેહેતામાં સમાધી એહને થઈ રાંમરૂપમાં થઇ
તદાકાર. આનંદરસ૦
વ્યાસ ભોળાનો સ્વાંમી ત્યાં પધારીયા આપ્યાં દરસન
પ્રાંણઆધાર. આનંદરસ૦ ૬

પદ ૧૭ મું.

[મારા માફા દેખીને વેહેવાઇ બી ગયો. એ રાગ.]

ઉંઘ આવે છે કેમ અભાગીયા,
જાગ્ય જાગ્ય થાવા બેઠું જાંન રે, ભજ રાંમને.
માંથે કાળાં મટીને ધોળાં આવીયાં,
તોયે મુંકે નહીં અભીમાન રે. ભજ રાંમને. ૧
ફોજો આવશે કપરીકાળની,
તુને ઘેરસે ચારે પાસરે. ભજ રાંમને.

અહીંયાં કોઇનું કહ્યું નવ માંનતો,
કેમ સેહેસો તે જમનો ત્રાસ રે. ભજ રાંમને. ૨
પરીવારમાં પ્રભુને ભુલી ગયો,
હવે કોણ લેશે સંભાળ રે. ભજ રાંમને.
માટે ચેતી લે ચેતાવું તુજને,
તારો ઓચીંતો આવશે કાળ રે. ભજ રાંમને. ૩
આજે દેખે છે સરવે તે ધુળ છે,
જેહેવો બાજીગરનો ખેલ રે. ભજ રાંમને.
એમ અંતે તે કોઇ કોઇનું નથી,
માટે મુરખ મમતા મેલ રે. ભજ રાંમને. ૪
જેહેવું રાતમાં સ્વપ્નું આવે તુંને,
એતો જાગ્યેથી મીથ્યા થાય રે. ભજ રાંમને.
એહેવું આપણ સ્વપ્નું જાંણજો,
જયારે ત્યારે પણ એ જાય રે. ભજ રાંમને. ૫
માટે વ્યાસ ભોળા તું લોભાઇશ નહીં,
હરી નાંમનું લે હથીયાર રે. ભજ રાંમને.
ઢાલ ધરી લે ધીંગા ધણી તણી,
પછે કોઇનો શો છે ભાર રે. ભજ રાંમને. ૬

પદ ૧૮ મું.

(વારીજાવું શ્રી નાથને એ રાગ.)

આજ આનંદ મંગળ અતીઘણો જયારે પધારયા અજો-
ધ્યામાં રાંમ વારી સીયા૦

મોક્ષદાયની પુરી રૂડી સોભતી જાંણે હોયની વૈકુંઠ
ધાંમ. વારી સીયા૦ ૧
પુજા સાંમગ્રી લેઇ લેઇ હાથમાં ઉભી કોટીક નગરની
નાર. વારી સીયા૦
રઘુનાથને વીધીયે વધાવતી થાળ મોતીની પુસ્પ અપાર.વા ૨
હરખી નીરખી લેતી ઓવારણાં ગાતી રૂડાં ત્યાં મં-
ગળ ગીત વારી સીયા૦
જોતી ચંદ્રમા જેમ ચકોરણી એહેવી લાગી છે પ્રભુમાં
પ્રીત. વારી સીયા૦ ૩
ઘર ઘર દીપક છે ઘી તણા બાંધ્યાં તોરણ મોતીનાં
દ્વાર, વારી સીયા૦
વેર્યાં ચંપાનાં ફુલ શેરીમાં ઘણાં ચંદન અત્તર છાંટ્યાં
અપાર. વારી સીયા૦ ૪
વાજે અનહદ વાજાં ઘણાં તે સમે આગળ ગુણીજન ગાં-
ધ્રવ ગાય. વારી સીયા૦
શોભે સીતા તે સાસુના સાથમાં એમ આનંદ કહ્યો નવ
જાય. વારી સીયા૦ ૫
દેવ દુંદભી આકાસમાં વાગીયાં પુસ્પ વ્રષ્ટી ત્યાં ક્ષણે ક્ષણે
થાય. વારી સીયા૦
એહેવાં સુખ સીતાપતી આપતા આવ્યા રાજદ્વારે ર-
ઘુરાય. વારી સીયા૦ ૬
માતા કૌશલ્યાએ ઉતારી આરતી વારી જાવું રઘુકુળ

ચંદ. વારી સીયા૦
વ્યાસ ભોળાના ફંદમાં એ રૂપ વસો હુંતો પાંમર છું
મતીમંદ. વારી સીયા૦ ૭

પદ ૧૯ મું.

(આવી છે અમદાવાદની ફોજ રે ઝરમરીયા ઝાલા એ રાગ.)

ભજન કરી લ્યો ભાવથી સોહાગી સંતો,
તરવાનું છે એ નાવથી સોહાગી સંતો. ૧
મુનશા જનમ ફરી નહી મળે. સોહાગી સંતો.
સમરણ વીના સંકટ નહી ટળે. સોહાગી સંતો. ૨
દીનતા રાખીને રસ ચાખીએ, સોહાગી સંતો.
સમદ્રષ્ટી સહુનાપર રાખીયે. સોહાગી સંતો. ૩
શત્રુ તે મીત્ર સમ જાણીયે, સોહાગી સંતો.
કોઇદીન ક્રોધ ના આણીયે. સોહાગી સંતો. ૪
કડવું મીઠું મનમાં ના લાવીએ. સોહાગી સંતો.
સાગરની પેડે સમાવીયે. સોહાગી સંતો. ૫
ભેખ લીધાનું ફળ એહ છે. સોહાગી સંતો.
સૌ સાથે જેને સ્નેહ છે. સોહાગી સંતો. ૬
વ્યાસ ભોળો કહે કરગરી. સોહાગી સંતો.
એહવે ભાવે મળે શ્રી હરી. સોહાગી સંતો. ૭

પદ ૨૦ મું.

(મારાં ડાયલાં રે ગાંડાં કયમ રે વેઠાય એ રાગ.)

અલ્યા મુરખા રે કયમ હરી ના ભજ્યા.

તંતો સરવે ખોયું વીચારી ના જોયું,
મન મોહ્યું રે પાપી માયામાં. અટ્યા મુરખા રે. ૧
ના તું સમજ્યો રીત્ય ક્યાં છે પ્રભુમાં પ્રીત્ય,
નથી ચીત રે રઘુરાયામાં. અટ્યા મુરખા રે. ૨
મુળ ખોળ અહીં હતો પેટમહીં,
તોએ ગમ નહીં રે શું સુખ પડ્યું. અટ્યા મુરખા રે. ૩
ઊંધે માંથે તું તો માંહી લબડ્યો હુતો,
હાવે શું સુતો રે આયુશ આવી અડ્યુ. અટ્યા. ૪
અટ્યા વ્યાસ ભોળા હરી ન મળે ખોળ્યા,
ડાહ્યાપણુ ડોળા રે દુખ કાંઇ નીપડે; અટ્યા. ૫
માટે ચેતી લેને હરીનાંમ દેને,
દુખ સેહુનેરે પ્રભુ ભજતાં પડે. અટ્યા મુરખા રે. ૬

પદ ૨૧ મું.

[લાડણો તો પાંન ચાવે ને રસ ઢોળે એ રાગ.]

ભાઇ રે તાહારી ગતી શી થાશે,
સંપતી સરવે લુટાઇ જાશે. ૧
છુટ્યો દેહ એટલે કાંઇ નહી તાહારૂં,
આગળથી વીચાર કરે તો કાંઇ સારૂં. ૨
હરી વીના કોઇ નહી આપણું બેલી,
ત્રીયા પુત્ર કુટુંબ જવું છે મેહેલી. ૩
માતાના ગરભમાં ભક્તી કબુલી,
દુખી સુખ સંપત શું ગયો ભુલી. ૪

આગળ માઠી વલે છે તાહારી,
કહું કરજોડી માંન્ય સીખ માહારી. ૫
ધરમના આગળ શું જઇ કેહેસો,
ગરભ વચનનો સો ઉત્તર દેશો. ૬
ખરેખરે એહેનો વીચાર કાંઇ કરજે,
વ્યાસ ભોળા સમજીને વળતી મરજે. ૭

પદ ૨૨ મું.

[જેણે રે ગોવીંદારામ તમને વીસાર્યા. એ રાગ.]

જેણે ના ભજીયા અવધબીહારી તેણે જનુનીને ભારે મારી. ૧
જે સમજી સતસંગમાં ના પેઠો તે પાપી પથરને નાવે બેઠો. ૨
જેહેનું ભજનમાં મન નવ મોહ્યુ તેણે પોતાનું કુળ વગોવ્યું. ૩
જેણે હરીરસ મુંખડે ના પીધો તે જીહ્યાયે કયમ ડાંમ ના દીધો. ૪
જે મુખમાં નથી રાંમની વાંણી તેણે તો ખોયું પરીયાનું પાણી. ૫
વ્યાસ ભોળા તું ભજી લે સી હરીને ગયો અવસર નહીં આ
વે ફરીને. ૬

પદ ૨૩ મું.

રાગ હોરી વસંત.

(સાંમરા મત ડારો પીચકારી. એ રાગ.

આ અવસર તો ફરી નહીં આવે ભાઇ રે આ અવસર. ટેક.
નહીં આવે ફરી મુનસાહે મોંઘો લાજ કાંઇ કેમ ન લાવે,

ચેત્ય ચેત્ય વારે વારે શું કહીએ તરવાનું શું તું બતાવે;
બેઠો છું પથરને નાવે. આ અવસર તો ફરી. ૧
માયામાં તું મગન થયોછું એહેવો જો હરીમાં થાવે,
તો તારા ભાગ્યનું વળતી શું કેહેવું; સંતોના મનમાં ભાવે,
ફરી ગરભવાસ તું ના આવે. આ અવસર તો ફરી. ૨
દુરમતીયાંનો જો સંગ કરીશ તો નરકની વાટ બતાવે,
ચંડાળ સરખાં તેને જાંણીને ભજીલેજે પ્રભુને ભાવે;
પછી બળ કોઇનું નહીં ફાવે, આ અવસર તો ફરી. ૩
વ્યાસ ભોળોનાથ વીનતી કરે છે હરીજનને સમજાવે,
દારૂણ દુખમાં પણ હરીને ભજીયે તો ચોરાસી મટી જાવે;
હરીનાસમાંન તું કાહાવે, આ અવસર તો ફરી.૪

પદ ૨૪ મું.

રાગ ઉપર પ્રમાણે.

કેમ ભજતો નથી રઘુરાય ભાઇ રે કેમ ભજતો નથી રઘુરાય ટેક.
રઘુનાથને તુંતો કેમ નથી ભજતો આયુષ ઓછું થાય;
નથી ભરૂસો આ જગતમાં પળનો કોણ ગતી રે કેહેવાય,
સગાં નથી માતપીતાય કેમ ભજતો નથી રઘુરાય. ૧
અંત સમે તો હરી વીના તારી સાથે કોઇ નહીં થાય,
કુટુંબ સહોદર જોસે રોસે મુખે કેસે ત્રાય ત્રાય પછાડશે
પોતાની કાય કેમ ભજતો નથી. ૨
એ જેટલાં પુઠે ફેલ કરે તે તારે સાંથે કેહેવાય,

લીંટ લાળ ને આંસુ પાડે તે તુને ત્યાં ભાઇ પાય એહેવી
ગતી તાહારી થાય. કેમ ભજતો નથી. ૩
માટે ડાહ્યાપણુ તારૂં દુર કરીને ભજી લે તું રાંમ સીતાય,
વ્યાસ ભોળાનાથ કરગરી કેહે છે નથી હવે બીજો ઉપાય
કરમનો હીણો કયાં થાય. કેમ ભજતો નથી. ૪

પદ ૨૫ મું.

હોળીની ધુમાર.

કેમ નથી ભજતો રાંમને પાપી પ્રાંણી,
હો પાપી પ્રાંણી રે પાપી પ્રાંણી હો નથી લાજ લગાર
કેમ નથી ભજતો રાંમને પાપી પ્રાંણી;
વેહેવારમાંથી ના નીકળ્યો એક ઘડી હો એકે ઘડી રે એકે
ઘડી હો નવ ચેત્યો ગુમાર કેમ નથી ભ૦ ૧
હરીનું તો નાંમ ગમ્યું નહીં કોઇ દાહાડો હો કોઇ દાહાડો
હો મુઢ મુરખ જાંણ કેમ નથી ભજતો.
આટ્યા મોટમમાં તું મરી ગયો દ્રવ્ય દેખી હો દ્રવ્ય દેખી
રે દ્રવ્ય દેખી હો જશે પળમાં પ્રાંણ કેમ નથી. ભ. ૨
જોને મોહોટા મોહોટા ગયા રાજવી નાંમ ખોઇ હો નાંમ
ખોઇ રે નાંમ ખોઇ,
હો જેહેની ફરતી દવાઇ કેમ નથી કે કરતાં તું શું ઘણો
અભીમાંની હો અભીમાંની રે અભીમાંની;
હો મેલ મમતા ભાઇ કેમ નથી ભજતો રાંમને. પાપી. ૩
વ્યાસ ભોળા તુજને કહું ચેતી લેને હો ચેતી લેને રે ચે.

હો થશે શી ગતી તાહારી કેમ નથી ભ.
હરી વીના અંત્યે કોઇ નથી અહ્યા તાહારૂં હો અટ્યા
તાહારૂં રે અટ્યા તારૂં,
હો માટે જોને વીચારી કેમ નથી ભજતો રાંમને પાપી ૪

પદ ૨૬ મું.

રાંમનવમી જનમ ઓછવનું.

નારાયણ દશરથ ઘેર પ્રગટ્યા, ભોમીનો ભાર ઉતારો જી.
વીપ્ર સાધુ ગો સુખ પાંમ્યાં રાવણને સંહારો જી. નારા. ૧
ધંન ધંન દશરથ ધંન કૌશલ્યા ધંન અવધપુર વાસીજી,
ધંન વનસ્પતી ધંન ધંન સરજુ પ્રગટ્યા શ્રી અવીના-
સીજી. નારાયણ. ૨
ચૈત્રશુદી નવમી અજુવાળી પુસ્પ નક્ષત્ર રવીવારજી,
ભાનુસીસ બીરાજત તે સમે જનમ્યા શ્રી દેવમોરાર-
જી. નારાયણ. ૩
દેવનાં દુંદભી વાજે નગરમાં દુધડે વરસ્યા મેહજી,
પુષ્પવ્રષ્ટી સહુ દેવ કરે છે નવો નવો ધરતા નેહજી. ના.૪
નારદ ગાંન કરે વેણા લેઇ નાચે શ્રી ત્રીપુરારી જી,
વીધી મુખ ચારે સ્તવન કરે છે ધંન ધંન અવધવીહા-
રીજી. નારાયણ. ૫
દધી કુમકુમ અક્ષત લેઇ બાળા નગરનીવાસી સહુ આવેજી
કૌશલ્યા સુત તાહારો ચીરંજીવી રહેજો એમ કહી પ્રભુને
વધાવેજી. નારાયણ. ૬

જાચક માગણ ભીડ ભરાઇ મુખ માગ્યું લેઇ જાવેજી,
વીપ્રને દાંન દે રાજા દશરથ ઉલટ અંગ ન માયજી. ના. ૭
અહો ગુરૂજી મેં શ્યાં પુન્ય કરયાં હરી મુજ ઘેર પ્રગટયા
બાળ જી.
નાંમ ધરાવો નીશ્ચે કરી એમ બોલ્યા રાજયભુપાળજી. ના. ૮
ધ્યાંન ધરી કહ્યું વસીષ્ટ મુનીયે સરીયાં સરવે કાંમજી,
વ્યાસ ભોળાનો સ્વાંમી તુજ ઘેર નાંમ જેનું શ્રી રાંમજી.
નારાયણ. ૯

પદ ૨૭ મું.

હીંડાળા.

(હીંડાળો નવરંગો સુજની જાં રે ઝુલે શ્રી વલભરાય એ રાગ.)
અલી સખી ચાલો સબ નીરખીયે રાંમ હીંડાળે ઝુલે જી,
ધંન રાજા દશરથ ધંન કોશલ્યા હરખી નરખી મન ફુલે
ઝુલે જી. ૧
શ્રાવણ માસ ત્રતીયા અજુવાળી કોકીલ સ્વર બહુ બોલેજી.
ઝીણી ઝીણી બુંદ વરશે વસુધાપર માહા મુંનીનાં મંન
ડોલે. ઝુલેજી શ્રી. ૨
સુરસનકાદીક ઓર બ્રંમાદીક જાકી માયામાં ભુલે જી,
વ્યાસ ભોળો એમ કેહે કરજોડી હરી જોઇ હૈયું મારૂં
ખુલેજી. ઝુલે. ૩

પદ ૨૮ મું.

રાગ ઉપરનો.

સઘન બનમે રચ્યો હે હીંડાળો સબ સખી સાંમ ઝુલાવે.

પ્યારી પ્રીતમ દોઉ સંગ બીરાજત મેઘઘટા ચડી આવે
ઝુલા૦ સઘન. ૧
ભાત ભાતકે બાજાં બાજત વ્રજ જુવંતી મીલી ગાવે જી.
ફુલી ફુલી ભાર અઢાર વનવેલી પંછી નાચ નચાવે
જી. સઘન. ૨
ધંન વ્રંદાવન ધંન જમુના જલ ધંન ધંન ધરણી કાહાવેજી.
દાસનો દાસ કહું કરજોડી સેસજી પાર ના પાવે જી. સઘન.૩

પદ ૨૯ મું.

પારણું રાગ પ્રભાતમાં.

જસોદા ઝુલાવે નંદલાલને હાંહાં રે મુખ જોઇ જોઇ હરખે,
મેં સ્યાં સુક્રીત કીધાં હસે રે હાં હાંરે આંસુ પ્રેમનાં વર-
શે. જસોદા. ૧
લાડકવાયો મારો લાલજી હાં હાંરે મારૂં કુળ અજવાળ્યું,
લેખ વીધાતાએ મેળવ્યો રે હાં હાંરે એનું ભાગ્ય રૂપાળું.
જસોદા. ૧
પ્રથમ આવીતી જોને પુતના હાં હાંરે તેને ક્ષણમાં મારી,
સકટાસુર સંહારીયો રે હાં હાંરે નાંખ્યાં વીઘન નીવારી.
જસોદા. ૩
કોણ પુન્યે પાંમી હું પૂત્રને હાં હાંરે મારે હવે નથી ખાંમી.
એમ જસોદા લે ઓવારણાં રે હાં હાંરે વ્યાસ ભોળાનો
સ્વાંમી. જસોદા ઝુલાવે. ૪
લખી તેં પોતે સ્વહસ્તે સરવે પદ જે વાંચો તેંહેંને મારા
જે શ્રી રાંમ છે. શ્રી રામ.

(રાગ પરાજ.)

રહો રામરે રામરે વ્યાસ વશ્યા વૈકુંઠમાં.

મેમધાવાદના વ્યાસજીરે, રેતા દેસાઇની પોળરે;
અવદીચ બ્રહ્મ તે હતા, દેહુ કુંકુની લોળ રે.
વ્યાસ વશ્યા વૈકુંઠમાં. સીતારામરે, સીતારામરે; ટેક.
ધન ધન જનુની જેહુનીરે, ધન નારીને સારરે;
હાથ વાળયો નહિ છાતીએ, આંખે આંસુ ન ધારરે;
વ્યાસ વશ્યા. ૧
લેટ ને લાળ નાંખી નથી રે, કીધો ઓછવ અપારરે;
ગુલાલની ગરદી થઇ, રવી છાયો તેણીવાર રે;
વ્યાસ વશ્યા. ૨
પુસ્પ વધાવે નર નારીઓરે, પૈસા નાંખે તે ઠાર રે;
પુરૂં તે પુન્ય હશે જેહનું, સંસે નહિ લગાર રે;
વ્યાસ વશ્યા. ૩
જીવ મટીને શીવ રૂપનેરે, પામ્યા સંતના પ્રતાપરે;
ચૈતન ચળીને ભળ્યું બ્રહ્મમાં, ટાળ્યા ત્રીવીધી તાપરે;
વ્યાસ વશ્યા. ૪
ગુર્જર દેશની ગાદીએરે, કીધો જયજયકારરે;
ભુતળ ભક્તી વધારવા, કોઇ અંસી અવતાર રે;
વ્યાસ વશ્યા. ૫
મહંમદ નગરી તે સમેરે, થયું પ્રજના સમાન રે;
વેત્રવતી જીમનાં વહી, સારૂં સોભ્યું સમશાન રે;

વ્યાસ વશ્યા. ૬

ભક્તાનો સમાજ ભેગો થઇ રે, હવે નહિ જરાયરે;
સોચ કરે તે શું નીપજે, સીંન્ધુ કેમ તરાય રે;

વ્યાસ વશ્યા. ૭

શહેર સમશાનમાં આવીયું રે, હાટે પડી હુડતાળરે;
ઓછવ કરી હરી બોલતા, વાગે કરે કડતાળ રે;

વ્યાસ વશ્યા. ૮

છત્રીસ વાજાં વાગતાં રે, ગાય માનુની ગીતરે;
જે જે બોલે નર નારીઓ, કોઇ ચોરે ન ચીત રે;

વ્યાસ વશ્યા. ૯

વ્યાસ કેતા સઉ કોઇને રે, જાવું જાવું જરૂર રે;
ચકલાંના માળા જાણતા, ઊડે ફરર ફરર રે;

વ્યાસ વશ્યા. ૧૦

રણછોડ રણછોડ ઉચરે, કરે કુદી પોકાર રે;
મંડળી મધ્યે ધુન ધારીને, સુર થાય એક તાર રે;

વ્યાસ વશ્યા. ૧૧

બોધ કરે બહુ બળ કરી રે, સોધી કાઢીને સાર રે;
ગીતા સમીતા સોધિને, રામ નામ રસ ધાર રે;

વ્યાસ વશ્યા. ૧૨

રામ નામ ગામ થાપીયું રે, કામ કીધું ઠામઠામરે;
કામ મુકી રટયા રાંમને, ધન ધન નીજ ધામ રે;

વ્યાસ વશ્યા. ૧૩

ઠાકોર દામ લીધો નહિ રે, નહિ કીધો વીરામ રે;

શ્રોતા તે જન સુખીઆ થયા, નહિ હરખે હરામ રે;
વ્યાસ વશ્યા. ૧૪
પુરૂં તે પુન્ય હશે જેહનું રે, પુરો કીધો સતસંગ રે;
પુરે પુરણ થયુ પ્રેમથી, લાગ્યો રૂદીઆમાં રંગ રે;
વ્યાસ વશ્યા. ૧૫
સમજ્યો હશે જે સાંનમાં રે, કરે નહી કંકાસરે;
તાર તુટે નહી નામનો, તજે પરાઇ આશારે;
વ્યાસ વશ્યા. ૧૬
પારસ હતો એક પ્રેમનો રે, કરે લોહાનું હીમ રે;
પારસ પારસ પરસે બને, પાળે પળાવે નીમરે;
વ્યાસ વશ્યા. ૧૭
આવા પુરૂષ હવે સોધતાં રે, જડે જવલા કોય રે;
ખોટ પડી ખોળ કાઢતાં, કોઇ બતાવે સોય રે;
વ્યાસ વશ્યા. ૧૮
વ્યાસ મંડળીમાં શોભતા રે, જેમ તારામાં ચંદરે;
શ્રોતા ચાતક ચીત પ્રોવીને, બહુ પાંમે આનંદ રે;
વ્યાસ વશ્યા. ૧૯
એ સુખ લાહાવો નહી મળેરે, ગયો વ્યાસજીને સંગરે;
હાથ ઘસે છે અભાગીઆ, કરયો નહી સતસંગ રે;
વ્યાસ વશ્યા. ૨૦
મોહમાયા મટી ગઇરે, હરીરસ પીએ પાયરે;
ભસ્મ થઇ બીજી વાસના, પાછી કેમ પળાય રે;
વ્યાસ વશ્યા. ૨૧

જ્ઞાન હીમાળે ગાળીયું રે, તનમન તેણી વારરે;
ચડી ખુમારી ન ઉતરી, મટયો માયાનો વીકાર રે;
વ્યાસ વશ્યા. ૨૨
બ્રહ્મ બ્રહ્માંડમાં ભાળીઆ રે, રામરામ સીતા રામરે;
સરીતા સીંધુમાં ભળી ગઇ, મુખે ચુકે નહી નામ રે;
વ્યાસ વશ્યા. ૨૩
ભુખ્યાને ભોજન આપતા રે, પાય તરશાને નીરરે;
વસ્ત્ર વીના કોઇ આથડે, તેનું ઢાંકે શરીર રે;
વ્યાસ વશ્યા. ૨૪
દાન સુપાત્રને આપતા રે; પરમહંસ જે પવિત્ર રે;
સેવા કરે તેની સુખમાં, મોટા મોટા જેના મીત્રરે;
વ્યાસ વશ્યા. ૨૫
ઓંમકાર રામનામ ઉચરેરે, સ્વાસા સોધી સમાનરે;
સેજ સમાધીઓ તે કરે, ગણે નહીં અપમાન રે;
વ્યાસ વશ્યા. ૨૬
મધુરી વાણી ઊચરે રે, સહુજનને સમાન રે;
આળસ કરે નહી અંગથી, ભાવે ભજે ભગવાન રે;
વ્યાસ વશ્યા. ૨૭
સંવત ઓગણી ઉપરેરે, સાલ અડતાળી આજરે;
કારતક સુદ એકાદસી, મોક્ષ પામ્યા મહારાજરે,
વ્યાસ વશ્યા. ૨૮
ગુરૂ તે વાર ગરવો હતોરે, મધ્ય બપોર માંય રે;

બાકી બેતાળીસ વરસમાં, સાત દીન ઓછા હોયરે;
વ્યાસ વશ્યા. ૨૯
પરમાશંકર પ્રેમથી રે, પુરે સરવેના કોડ રે;
એકવાર મુખથી બોલજો, જે જે શ્રી રણછોડ રે;
વ્યાસ વશ્યા. ૩૦

ભોળા વ્યાસની ભક્તિ.

રાગ કાફી.

ભરતખંડ માંહીરે, ભક્તી તો ભોળા વ્યાસે કરી;
જનમ ભુમી જેની રે મહુંમદ મોહોટી નગરી. ટેક.
સુધા પીએ રસ પાય છે સહુને, નીસદીન સમરી રામ,
વરસાદની પેઠ વ્રસ્ટી કરે છે; જપે જપાવે હરી નામ,
પરમારથ કરવારે ફરે છે સગળે વીચરી.
ભરતખંડ માંહીરે ભક્તી તો ભોળા વ્યાસે કરી. ૧
ડાકોર આવીને ડંકો રે દીધો, પુનમે પુરની માંહ;
તારા મધે જેમ ચંદ્ર શોભે છે; વ્યાસ દીસે છે તેવા ત્યાંહ,
ચાતક ચીત ચંદ્રશુરે, ભકતોની એમ સભા ભરી. ૨
પુરણ ભાગ્ય જેનું પુનમે આવે, રણછોડ દરસનકાજ;
ડાકોર તો ગૌલોક થયું છે, મોક્ષ આપે છે મહારાજ,

ખોડાણા પ્રતાપે રે ગુજરાત બધી તરી. ભ. ૩
ભક્ત થયા બહુ ભુમીની ઉપર તેમાં આ અધીક ગણાય;
પ્રેમી હશે તે તો પલકમાં તરશે, બીજા ચોરાસી ભણાય,
પ્રભાશંકર કહે છે રે રણછોડરાય સમરી. ભ. ૪

પદ ૨ જું.

ભકતોએ પાક કીધો રે, જમોને સહુ અધીકારી;
ભોળા વ્યાસ પીરશે રે, અમૃત પીઓ નર નારી. ટેક.
નવધા ભક્તીનાં નવ નીવેદાં કીધાં, આરતી દસમી પ્રેમ,
ખટરસના ખટ દરસન ભાળો; ભાવે નહી હેવું કેમ;
છપનની છાપ વાગીરે, તારે જોયું વીચારી. ભકતો. ૧
નીરોગીને આવો પાક પચે છે, રોગીને વમનજ થાય;
ભાવે નહી એ તો અંધ અભાગી; રૂચે તેને પીરસાય,
રામનામ અમૃતરે, અમર કાય થાય તારી. ભકતો. ૨
ચાતક સ્વાતી જેમ વારી પીએ છે, તેણે તે ત્રપતી થાય,
ત્રશનારૂપી જારે, ક્ષુધા મટે છે. આનંદ ઉર ન સમાય,
ધાતુરૂપી મોક્ષજરે; પામેછે તેને બલીહારી. ભકતો. ૩
ઉતમ મધ્યમ એક હારે બેસીને અમૃતપાંન પીવાય,
આ સુખ તો નથી અમરલોકમાં, તે ડાકોરમાં પીરસાય,
પ્રભાશંકર કહે છે રે ભજોને સહુ ગીરધારી. ભકતો. ૪

પદ ૩ જું.

ભકતોએ જીવ તાર્યા રે, બુડંતા ભવસાગરમાં;

નામ તેનાં ગણતાં રે, પ્રથમ આવી કરમાં.
ભકતોએ જીવ તાર્યા રે, બુડંતા ભવસાગરમાં. ટેક.
પ્રલાદજીએ પાંચલાખને તાર્યા, નારદે નવકરોડ;
ધ્રુજીએ પાંચ કોટી ઉધાર્યા તેમાં ન આવે ખોડ;
મીરાંએ નવલાખજ રે, માળાને ઝાલી કરમાં. ભકતો. ૧
નરસહીંમેતાએ નવકોટી ઉધાર્યા, કબીરે કોટી સાત;
પેંપાએ પાંચસહુસ્ત્રને તાર્યા, રોહીદાસે પ્રક્ષાત;
એકલાખ તાર્યા રે ભકતી તો કીધી ઘરમાં. ભકતો. ૨
તુળસીદાસે ત્રેણકોટી ઉધાર્યા સુરદાસે સાતક્રોડ,
ધનાભગતે નવલાખને તાર્યા; સવરીએ પાડી છે હોડ,
ત્રેણલાખ તારી રે, વૈમાંન હીંડે અંબરમાં. ભકતો. ૩
શંકરસ્વામીએ સતકોટી ઉધાર્યા, વલભે કોટી ચાર;
રામાનંદે દસકોટી ઉધાર્યા, એવા ધરી અવતાર,
પ્રભાશંકર કેહેછે રે ભજોને હરી અવસરમાં. ભકતો. ૪

પદ ૪ શું.

ભોળાની ભક્તી સાચી રે, નાચીને નટવર નરખે;
હરીજન જોઇરે, અત્યંત હરડે હરખે. ટેક.
રામ કથાની રટણ જેને બાળપણાનો બોધ,
સાધુની સંગત બહુ કરી છે, ભક્તીનો કીધો સોધ;
રામનામ સાચું રે, અંતર આંખે પરખે. ભો. ૧
કથા કરી નીજ ગામમાં ન્યારી ભક્તીતણો જે ભંડાર,
કપડવણજ ને ડાકોર ગાયું; ખાતરસુણે ટંકાર,

રામરસ પાઓ રે, સજોડીઆ સહુ સરખે. ભો. ૨
સોજીતરાને વસોપંડોળી ખેડાને ખંભાત,
માતરને નટપુરમાં જોઆ; રાજનગરે પ્રખ્યાત,
રાંમનાંમ રટતાં રે કુંપોળ ખીલે વરખે. ભો. ૩
એમ ફરી પુરપાવન કીધાં, સીદ્ધાંતે પ્રેમીનાં કાજ;
ભાવ દેખે ત્યાં ભક્ત પધારે, રાખે શ્રી રણછોડ લાજ,
પ્રભાશંકર કેહેછે રે ભક્તી તો પાપને ભરખે. ભો. ૪

ભજન કરવાની ધુનો લખી છે.

૧ શ્રીતારાંમ રાંમા રાંમ હરે.
૨ ક્રશ્ન ક્રશ્ન ક્રશ્ન હરે રાધા ક્રશ્ન ક્રશ્ન હરે.
૩ ગીરીધરલાલ અંશ્રીતસાર ભજન કરાવો વારંવાર.
૪ ભજો નારાયણ નારાયણ ગોવીંદ હરે.
૫ ગોવીંદા ગોપાળા કેશવા માધવા.
૬ ક્રશ્ન રાંમા રાંમા રાંમા ક્રશ્ન રાંમા રાંમ રાંમા ક્રશ્ન રાંમહરે.
૭ શ્રીતા રાંમ શ્રીતા રાંમ ભજ પ્યારે નહીં જનમવારંવારે.
૮ હરીરે રાંમ રાંમ રાંમ શીતા શ્રી રાંમ રાંમ.
૯ ભજો રાધે રાધે રાધે ભજોરાધે ભજો રાધેક્રશ્ન ગોવીંદા.
૧૦ રાંમજી રાંમજી રાંમજી હરી શીતા રાંમજી રાંમજી હરે.
૧૧ રણછોડરાયા માઇબાપા દીનબંધુ દયાળા.
૧૨ વીઠલ વીઠલ માઇબાપા હરેક્રશ્નરાંમા રાંમા શ્રીતાપતી.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો ઘણુજ સસ્તે ભાવે નીચે સહી કરનારને ત્યાંથી રોકડી કીમતે મળશે.

આંકની ચોપડી ફરમા ડોઢની નવા ચીત્રની.
આંકની ચોપડી ફરમા એની નવા ચીત્રની.
ગજરા મારૂજીની વારતા.
સદેવંત સાવળંગાની વારતા.
બરાસ કસ્તુરીની વારતા.
ગુલબંકાવળીની વારતા.
દીલચમન ગાયન.
જ્ઞાન ઉપદેશ ભજનાવળી.
જ્ઞાન સાગર ભજનાવળી.
જ્ઞાન સાધન ભજનાવળી.
મોટાં નરસી મેહેતાનાં પ્રભાતીયાં.
નાનાં પ્રભાતીયાં.
ભોજા ભગતના ચાબકા,
વીસ્વામીત્રી માહાતમ.
નાજની પઠાંણુના કીસ્સા.
લેલી મજનુના કીસ્સા.
જોગણીની વારતા.
સામળસાના વીવાહ.
સજાયમાળા મોટી છીંટના પુઠાની.
સ્તવનાવળી.
સયણીક મારાજના રાંમ.
ભરથરી ચંદન મલીયાગરી.
તા. રાંણકદેવી તા. વનરાજ વીગરે નાટકોનાં ગાયન.
ધરૂ આખ્યાન.
ઓધવજીના સંદેસા.
નરસી મેહેતાની પુત્રીનું માંમેરૂં.
રામ સત્વરાજ.
સુડાબોતેરીની વારતા.
બત્રી પુતળીની વારતા.

આ શીવાય બીજી કેટલીક જાતો અમારી પાસે છે માટે જેને જોઇએ તેણે પોસ્ટપેડ કાગળ લખી મંગાવવી નાટપેટ કાગળ લેવામાં આવશે નહીં.

અમદાવાદ.

બુલાખીદાસ નારણદાસ.

માંડવીની પોળમાં દેવનીસેરીમાં.